## સામાન્ય લોકો માટે ખાસ તૈયાર થયેલી

# ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની 'મલ્ટી સ્પેશ્યાલિટી ગોએન્કા હોસ્પિટલ ખુલ્લી મુકાઈ




જીઈએસ તરીકે પ્રચલિત ભોલારામ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. જેમાં સામાન્ય લોકોને પોસાય તેવી કિંમતે સારવાર આપવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તેણે આજે તેની મલ્ટી સ્પેશિયાલીટી ગોએન્કા હોસ્પિટલના ઉદઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ હોસ્પિટલ ગાંધીનગર જિલ્લા સહિતની ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોની તબીબી સુવિધાઓ પૂરી પાડશે.

આ હોસ્પિટલમાં આધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર, ૨ડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમ કે ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યોનોલોજવીનો સમાવેશ થાય છે.

ગોએન્કા હોસ્પિટલના અધ્યક્ષ શ્રી અપૂર્ત ગોએન્કાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગોએન્કાએ જણાવ્યું હતું કે, ગોએન્કા હોસ્પિટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દૂરનાન ગામોમાં તબીબી સુવાઓ પૂરી પાડવામાં આવે છે. ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને મફત દવા પણ આપવામાં આવે છે.